**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૭/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૫૩૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૭૫ લીટર દેશી દારૂ, ૪૨૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨ બિયર ટીન, ૨ કાર, ૧ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૧ ટ્રક કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૩/૧૫**

**સાબરમતી :** જયરામ તારાચંદ સોનવણે (રહે.ન્યુ લક્ષ્મીનગર સોસાયટી, કાળીગામ, સાબરમતી) એ તા.૨૮/૭/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૭/૧૫ ના કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી પુજા (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૫૩૪/૧૫**

**વેજલપુર :** અજરૂદ્દીનહક્કની કુતુબુદ્દીન (રહે.રીયલ રેસીડેન્સી, સમીરા એપાર્ટમેન્ટની સામે, વિશાલા સર્કલ) એ તા.૨૮/૭/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૫ કલાક ૮/૩૦ થી સાંજનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૫૩૫/૧૫**

**રામોલઃ** ભવરસિંહ મુલસિહ રાજપુત (રહે.શાંતીનગર સત્યમનગર, અમરાઇવાડી) એ તા.૨૭/૭/૧૫ રાતનાં ૧૦/૦૦ વાગે રામરાજ્યનગર ચાર રસ્તા પાસે, સરસ્વતી સ્કુલ સામે ટ્રક નંબર જીજે.૦૧.ડી.ટી.૧૬૦૦ કિંમત રૂપિયા ૧૯,૦૨,૨૦૪/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૮/૭/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ભવરસિંહ રાજપુતે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.દેસાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૬/૧૫**

**સોલા હાઇકોર્ટ :** મહેશભાઇ જેઠાભાઇ પરમાર (ઉ.વ.૫૫)(રહે.ખારા-ખારી ચોક, પાણીની ટાંકી પાસે, ગોતા) તા.૨૭/૭/૧૫ રાતનાં ૯/૩૦ વાગ્યા પહેલાં ગોતા બ્રીજ નજીક બીઆરા માર્બલ નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, મહેશભાઇને ટક્કર મારતા, ગંભીર ઈજાઓ થતા, મહેશભાઇનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મહેશભાઇનાં પત્ની ગીતાબહેન પરમારે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)